ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**વિપુલ જોષી**
પત્રકાર, ગુજરાત સમાચાર, ગાંધીનગર. મો. ૯૪૨૭૦ ૫૩૬૭૩



**મહેન્દ્રભાઈ કે ચૌહાણ**
કન્વીનર, વિશ્વ જાગૃતિ સમાજ
મંત્રી, કેળવણી ટ્રસ્ટ
મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫



**કાવ્યાબેન સચિનકુમાર ભટ્ટ**
મો. ૯૯૦૪૮ ૭૮૪૫૪



**શૈલ અમીતભાઈ દવે**



**હીર યોગેશ પટેલ**
મો. ૯૪૨૭૪ ૦૯૨૯૩





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૧૫, ૧૬, ૧૭ ડિસેમ્બર દરમ્યાન વિવિધ પ્રકારના ડેની ઉજવણી કરવામાં આવી હતી.

૧૫ ડિસેમ્બરના રોજ કૉર્પોરેટ ડે અનુસંધાને પોસ્ટ ઑફિસ કલ્ચર, બૅન્કિંગ લોન્સ, ડીમોનિટાઈઝેશન, બૅન્કિંગ ઈન્સ્ટ્રુમેન્ટ, કન્ઝ્યુમર રાઈટ્સ, ઈન્શ્યોરન્સ પૉલિસી, ઈ-કૉમર્સ, કેશલેસ ટ્રાન્સફર, ઑનલાઈન બૅન્કિંગ, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, મોબાઈલ બૅન્કિંગ, ટેક્સ સિસ્ટમ વગેરે જુદી-જુદી થીમનું નિદર્શન ચાર્ટ્સ, વિડીયો પ્રેઝન્ટેશન, બ્લૅક બૉર્ડ ડેકોરેશન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. તદુપરાંત આ તમામ વર્ગની સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગરની સ્કૂલ્સમાં ધોરણ-૧૧, ૧૨માં અભ્યાસ કરતા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. કૉલેજના વિદ્યાર્થીઓ પોતાની તૈયાર કરેલી થીમ સ્કૂલના વિદ્યાર્થીઓને સમજાવી હતી. સ્કૂલના વિદ્યાર્થીઓને કૉલેજના પ્રથમ, દ્વિતિય, તૃતિય વર્ષ તથા ઍમકૉમ પૈકી શ્રેષ્ઠ નિદર્શન માટે મત તથા પ્રતિભાવ આપવાની તક પણ આપવામાં આવી હતી. આ સમગ્ર ઉજવણીનું આયોજન પ્રાધ્યાપક જિજ્ઞેશ તોગડિયા અને પુનમ લોહાણા દ્વારા કૉલેજનાં આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# ઍમ બી પટેલ સ્કૂલના ઍનઍસઍસ કૅમ્પનું સમાપન





## વિદ્યાર્થીઓ માટે સમાજજીવન એ જ સમગ્ર કૅમ્પ છે ને સેવાનું કાર્ય જીવનના દરેક તબક્કે, પ્રતિદિન થઈ શકે તેમ છે : અર્પિત ક્રિશ્ચિયન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા બોરીજ ગામે પાંચમી ડિસેમ્બરથી ૧૨મી ડિસેમ્બર સુધી ઍનઍસઍસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો સમાપન કાર્યક્રમ સ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. શિબિરમાં ભાગ લેનારા સ્વયં-સેવકો દ્વારા શિબિર દરમ્યાન કરવામાં આવેલી સફાઈ કામગીરી, ચાર્ટ બનાવવા, મૅડિકલ ચૅક-અપ કૅમ્પ, આઈ ચૅક-અપ કૅમ્પ, ચશ્માં વિતરણ તેમજ કૅશલેસ બૅન્કિંગ સુવિધા જાગૃતિ અને દીકરી બચાવો, દીકરી ભણાવો, સ્વચ્છતા અભિયાન જેવા વિષયે ભજવવામાં આવેલા શેરી નાટક જેવી કામગીરીઓની વિગતો આપવામાં આવી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં અભ્યાસ દરમ્યાન રાજ્યકક્ષાનો ઍનઍસઍસ બેસ્ટ કૅડેટ ઍવોર્ડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની ગાયત્રી પંચાલ, કાજલ વૈષ્ણવ અને અંજલિ પટેલને ખાસ આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. ઍનઍસઍસના માધ્યમથી વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ થાય છે અને તેના પરિણામે જીવનમાં ધારેલી સફળતા પ્રાપ્ત થાય છે એવું મંતવ્ય આ સફળ વિદ્યાર્થીનીઓએ વ્યક્ત કર્યું હતું.

ઍમ બી પટેલ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે માત્ર એક જ કૅમ્પ કરીને બેસી નથી રહેવાનું. વિદ્યાર્થીઓ માટે સમાજજીવન એ જ સમગ્ર કૅમ્પ છે ને સેવાનું કાર્ય જીવનના દરેક તબક્કે, પ્રતિદિન થઈ શકે તેમ છે. યુવા વર્ગ જ સમાજ અને દેશને સાચો માર્ગ બતાવી પ્રગતિના પંથે લઈ જઈ શકે છે, એમ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં સ્કૂલનાં ઍનઍસૅસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. વર્ષા પારેખે બોરીજ પ્રાથમિક શાળા પરિવાર, બોરીજનાં ગ્રામજનો અને લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૦મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫


કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત ''સર્વ નેતૃત્વ - લીડરશીપ ટ્રેઈનીગ પ્રોગ્રામ'' તા. ૦૮ થી ૧૨ ડિસેમ્બર, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કોલેજોના કુલ ૭૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓ તેઓની સમગ્ર જિંદગી, તમામ ક્ષેત્રોમા ખુશી પૂર્વક અને સંતુલન પૂર્વક જીવી શકે, તે માટેની સ્પષ્ઠતા તેઓમાં કેળવાય, જીવનના લક્ષને કેવી રીતે નક્કી કરી પ્રાપ્ત કરવા, જીંદગીનાં અંગત, સામાજિક, વ્યવસાયિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ક્ષેત્રોની સ્પષ્ટતા કેળવાય, લક્ષ નક્કી કરી તેને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, અભિવ્યક્તિની અસરકારકતા વધારવા અને નેતૃત્વ શક્તિનો વિકાસ થાય અને તે શક્તિનો ઉપયોગ સમાજનાં ઉત્થાન માટે કરે તે હેતુસર આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર સુરેશ પટેલ દ્વારા વિવિધ પદ્ધતિઓ જેમ કે રમતો, દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો, પ્રશ્નોન્તર દ્વારા ચર્ચા, મુવી અને સહભાગી પ્રવૃતિઓ દ્વારા ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને અંગત, ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબેન ઠાકર અને સમાજસેવી જેઠાભાઈ પટેલ દ્વારા પોતાના જીવન પ્રસંગો વર્ણવ્યા હતા અને આજના યુવાનો માટે રાષ્ટ્રભક્તિ કોને કેહવાય? વિષય પર રસપૂર્વક ચર્ચા કરી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી શિબીરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને દહેગામ તાલુકાનું વાકાનેરડા (ડભોડા) ગામમાં રહી પોતાનું સંપૂર્ણ જીવન ગામના વિકાસ માટે નૌછાવર કરનાર સુરેશભાઈની મુલાકાત કરાવી હતી, તેમના દ્વરા ગ્રામવિકાસ માટે ચાલતી વિવિધ પ્રવૃતિઓની માહિતી આપી હતી અને વિધાર્થીઓમાં રહેલી અંધશ્રધ્ધા દૂર કરવા સ્મશાનમાં ખીચડી-કઢી ઉસ્તવનું આયોજન પણ કરાયું હતું.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કરતા સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી અને સંસ્થા દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિ વિશે જાણ કરતા તાલીમાર્થી સારા માણસ બની, સમાજ ઉપયોગી અને પોતાના અંગત જીવનમાં મક્કમતાથી આગળ વધી દરેક ક્ષેત્રમા નેતૃત્વ કરે એવી આશા વ્યક્ત કરી હતી. સાથે સાથે કડી સ્થિત કોમર્સ કોલેજના આચાર્ય ડો.કપિલભાઈ ત્રિવેદી પણ તાલીમાર્થીઓનો ઉસ્તાહ વધારવા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે પ્રા. મૌલિકા પટેલ અને પ્રા. હિતેશભાઈ બારોટ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# માનવજીવનમાં અમૃતબુંદ ક્યાં છુપાયાં છે ?

સમય સમયનું કામ કરે છે અને માનવી પોતાનું કાર્ય કરવામાં શિસ્ત, શીઘ્રતા દાખવતો નથી એટલે ઘણીવાર પ્રશ્નો ઊભા થઈ જાય છે. પ્રતિદિન જીવનની વિષમતા વધતી જાય છે અને સરેરાશ આદમી સૂકાં વૃક્ષ જેવો થઈ જાય છે. લાગણીઓના મામલે પુરું વિશ્વ રૂક્ષ થઈ ગયું છે. જીવનનો રંગ, આકાર અને નશો દરેક વ્યક્તિએ બદલાય છે તેમ છતાં સૂકા રણ જેવા સમાજમાં ગુલાબનું જતન કરનારા પણ જોવા મળે છે. અલબત્ત, તેમની સંખ્યા નહીંવત છે. સ્વાર્થ વિનાના સંબંધો કલ્પી શકાય તેમ નથી. જો કોઈ જ પ્રકારનો સ્વાર્થ નથી તો સંબંધ પણ નામરૂપ સમજવો ! ઈશ્વરે આ સમાજમાં બધાની રચના કરી છે, પ્રત્યેક જીવને જે રીતે જીવવું હોય તેમ જીવી શકે છે પણ આ સૃષ્ટિમાં દરેકના અસ્તિત્વ માટેનું કારણ જરૂર હોય છે. ઉપયોગિતા (યુટિલિટી) ખત્મ થઈ કે જીવન પણ પૂર્ણતા તરફ ધકેલાઈ જાય છે. જીવનને જીવવા માટે દૃષ્ટિ પણ જોઈએ. જો દૃષ્ટિ નથી તો સાચું જગત દેખાતું નથી. ધર્મ-કર્મની બધી જ વાતો અંતે જીવનની સાર્થકતા સાથે સંલગ્ન હોય છે. સમાચારના






mmtrivedi007@gmail.com

પ્રવાહમાં સત્ત્વની વાત દસ ગ્રામ જ હોય, બાકીના બધા સમાચારથી મનમાં ઝટકો વાગે, દિલને દુખ થાય છે. છતાં આપણે જે વિશ્વમાં જીવીએ છીએ તેની વાસ્તવિકતાથી કઈ રીતે ભાગી શકીએ ? નીલકંઠ બનીને ઝેર પી જઈને ગળામાં રાખવું એ બધાનું ગજું નથી. કઈ રીતે ઝેરને માત આપવી એ મૂળ સવાલ છે. ઈશ્વરે આ દુનિયાને ટકાવી રાખવા સમાજમાં કેટલાક અમૃતના કુંભ કે કટોરાઓ રાખેલા છે તેની આપણને જોવા છતાં જાણ નથી. જે માનવ જીવનને ઊર્જા, ઉમંગ અને જોશ બક્ષે છે, એ અંગેની વાત કરવાની છે.

કુદરતનાં અમૃતબુંદનું કોઈવાર સ્મરણ કરી એમની સુચિ તમે બનાવી છે ખરી ? વર્ષાના જલબિંદુઓ, શિયાળાની ઝાકળ, ચંદ્રની શીતળતા, પહાડીઓમાંથી વહેતાં નિર્મળ ઝરણાં, જંગલમાં પક્ષીઓનો કલરવ, પુષ્પ સુધી જવાની પતંગિયાઓની ઝંખનાઓ, રેતાળ રણની નીરવ શાંતિ, પુષ્પોનું ખીલવું... આ બધી માનવીની ઈચ્છાશક્તિથી થતી ઘટનાઓ હરગિઝ નથી. કુદરતની નજદીક જાઓ તો તેનો અમૃતાસ્વાદ ચાખવા જરૂર મળશે. વરસાદ પડે અને માટીમાંથી સુગંધ પ્રગટે, સૂર્યનું કિરણ પૃથ્વી પર પડે અને પંખીઓનો કલરવ ખૂલે, સાંજ ઢળે ત્યારે ગાયો સાથે ઘેર આવતા ગોપાલ જોડે ચાલો તો ખ્યાલ આવે કે ગાયમાતાનું અસ્તિત્વ શું છે ? વીજળીની શક્તિ આકાશમાં વીજ ચમકે ત્યારે જ સમજાય છે.

માનવજીવનમાં અમૃતબિંદુ ક્યાં છે ? જે માતાપિતાના સુખદુખની કાળજી લે છે તેનું હૃદય અમૃતથી ભરેલું છે ! સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં લખ્યું છે કે માતાપિતા, ગુરુ અને રોગાતુરની જીવનપર્યંત સેવા કરવી. માતૃત્ત્વનું ઝરણું અમૃતની ધારા છે. દેશ માટે જાનની આહૂતિ આપતાં જાંબાઝ જવાનોનું જિગર અમૃતમ અને અપ્રતીમ છે, બેજોડ છે. ફરજપાલનમાં દૃઢતાથી કામ કરનારાં માનવોનાં દિલમાં અમૃતબિંદુઓ સમાયાં છે. મંદિર, મસ્જિદ, ગુરુદ્વારામાં આપણે રચેલા ઈશ્વર કે ખુદાનો વાસ છે, તેથી ત્યાં શ્રદ્ધાથી જવાય છે. પરંતુ, મંદિરની બહાર લાઈનોમાં બેઠેલા દરિદ્રનારાયણમાં જેને સાચા નારાયણ દેખાય તેવા ભક્તજનોનાં દિલોમાં અમૃત રહેલું છે !

પરધન અને પરસ્ત્રીને ત્યજ્ય ગણીને તેનો મોહ છોડનારા વિશ્વના અમૃતબિંદુઓ પૈકીના છે તેવું શાસ્ત્રો કહે છે. હિંસાચારથી જેનું દિલ ઉકળી જાય એ અમૃતથી ભરેલાં માનવો છે. નિર્દોષ, નિખાલસ ભૂલકાઓ અને બાળકો વિશ્વનું સૌથી મોટું અમૃત છે. કારણ કે તેઓ કોઈ કાર્ય કે કર્મથી પર છે. યુવા થયા બાદ જગતની વાસના, ઝેર તેને સ્પર્શે છે. આ ઉપરાંત પરંપરાથી વિરુદ્ધ જઈને ગરીબ કે રોગિષ્ટ માનવીઓની સહાયતા કરનારા તબીબો અમૃત ધરાવે છે. પ્રભુ ઉપરની શુદ્ધ શ્રદ્ધા ધરાવનારા એકાંતિક ભક્તો અને નિષ્ઠાવાન ગુરુજનો અમૃત કળશ જેવા છે. કર્મને યોગ ગણીને કામ કરનાર દરેક માનીમાં પ્રભુએ અમૃતબિંદુો રોપેલાં છે. વિદ્યાદાન કરીને જે મદદરૂપ થાય છે તેવા શ્રેષ્ઠીજનો અમૃતપાત્રો પૈકીના એક છે. ભગવા પહેરવાથી સાધુ થઈ શકાતું નથી. ભગવાનું આવરણ જીવની વાસનાઓ-વિષમતા ઉપર પણ ચડવું જોઈ. સાધુ-સંતો જો જીવનમાં પણ સાધુતાનું આચરણ કરે તો એ અમૃત કટોરા છે. હરામની કમાણી મળી શકતી હોવા છતાં પરિશ્રમથી મળે તેમાં આનંદ રાખનારા હરકોઈ અમૃત ધરાવે છે.

ઈશ્વરના ઉપકારને સમજીને અન્યને સાચી સહાયતા કરનારા હરકોઈ એકમ કે માનવી કુદરતના આપેલા અમૃતકુંભ છે. ઉપકાર કરી બીજી જ ક્ષણે ભૂલી જનારા પણ સમાજનાં અમૃત સ્તરનાં જ અમૃતકળશ જેવાં છે. વ્યક્તિપૂજા અને અંધશ્રદ્ધાથી દૂર રહી ભક્તિ કરનારાઓ અમૃતકળશ જેવાં છે. જીવનને સાચી રીતે માણી લેવાનો આનંદ એ જ સ્વયં અમૃત છે કારણ કે જીવન એ એવો અવસર છે, જે શાશ્વત નથી. ઉપનિષદમાં લખ્યું છે, માનવી માનવી બની જાય તો પૃથ્વી અમૃતમય બની જાય.

'મારા હૃદયને પગ નીચે કચડો નહીં તમે કે ત્યાંના માર્ગ જાય છે ઈશ્વરના ઘર સુધી'

-બેફામ

## ડાયરેક્ટ ❤ સે

ક્યારેક
આપણાં દુશ્મનો
દોસ્તો કરતાં
વધારે સારી વાત
શીખવી જાય છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કહાની-૨
૧.૦૦, ૭.૦૦
ડિયર જિંદગી
૪.૦૦
ધૃવા (તેલુગુ)
૯.૩૦

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
વજહ તુમ હો
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટનો સ્નેહમિલન સમારોહ ૨૪ ડિસેમ્બરે યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના પરિવારો માટે સ્નેહ મિલન કાર્યક્રમ આગામી તારીખ ૨૪ ડિસેમ્બરના રોજ આયોજિત કરવામાં આવ્યો છે.

ભુપેન્દ્રભાઈ ગજ્જરે આ અંગેની અખબારી યાદીમાં જણાવ્યું છે કે ટ્રસ્ટના સભ્ય પરિવારો માટે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન અગાઉ કરવામાં આવ્યું હતું તે અનિવાર્ય સંજોગોને કારણે મુલતવી રાખવામાં આવ્યું હતું અને હવે આ સ્નેહ મિલન સમારોહનું આયોજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ 'કચ્છના કલાકારોનાં કામણ : સરહદના સૂર'ની સાથે તારીખ ૨૪ ડિસેમ્બર ને શનિવારના રોજ ટાઉન હૉલ, સૅક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સાંજે ૭થી ૯.૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સપરિવાર ઉપસ્થિત રહેવા તેમણે સૌ સભ્યોને નિમંત્રણ પાઠવ્યું છે. સ્નેહ મિલન કાર્યક્રમ પ્રસંગે ભોજન માટેની વ્યવસ્થા સુચારુ રૂપથી થઈ શકે તે માટે વ્યક્તિદીઠ ટોકન રૂપિયા ૫૦ ભોજન પાસ માટે નિયત કરવામાં આવ્યા છે. આ ભોજન પાસ તા. ૨૧ ડિસેમ્બર સુધીમાં સંબંધિત સૅક્ટર પ્રતિનિધિ પાસેથી મેળવી લેવા તેમણે આ અખબારી યાદીમાં સભ્યોને અનુરોધ કર્યો છે.

## ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની ધોરણ-૩માં અભ્યાસ કરતી ૧૦૫ વિદ્યાર્થીનીઓએ ઈન્દ્રોડા પાર્કની અભ્યાસ મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થીનીઓ પ્રાણીઘર, પક્ષીઘર તથા વિશાળ ડાયનાસોર પાર્ક જોઈને રોમાંચિત થઈ ઊઠી હતી. તેમની સાથે રહેલાં શિક્ષકોએ તેમને સમગ્ર પાર્ક વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી.

આચાર્ય નીરૂબેન પટેલના માર્ગદર્શન હેઠળ ધોરણ-૩ના વર્ગશિક્ષકોએ આ અભ્યાસ પ્રવાસની સફળતા માટે સક્રિય ભૂમિકા ભજવી હતી.